Barcode - 99999990867849
Title - Amar Faramane Upar Umatani Dadhata Yane Isamailiya Firakanu Kharu Dharmik Jivan
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 54
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13

મોમીની સાહીત્ય ઉત્તેજક મંડળનું પુસ્તક નં ૬૧.

યા અલી મદદ

લખનાર—

નાનજીભાઈ રતનશી

મોલમીનવાળા.

# અમર ફરમાન ઉપર ઉમતની ફરજો

ને

# ઇસ્માઇલીયા ફીરકાનું ખરૂં મઝહબ ઉસુલ

પ્રગટ-કર્તા,

મી૦ એ. જે.

ચુનારા.

સન ૧૯૩૭. તા. ૨૫-૧-૧૯

કીંમત બે આના.

# લેખકનો ખુલાસો.

"અમર ફુરમાનપર ઉમ્મતની દ્રઢતા" આ પવિત્ર હેતુને લગતું લખાણ લખવામાં અમરેલીવાળા એદલજી ધનજી કાબાને કોઇ કોઇ ઠેકાણે સંબોધીને કહેવામાં આવ્યું છે તો કોઇ અન્ય સુજ્ઞ વાંચક આ પવિત્ર હેતુ ધરાવનારા લખાણમાં આવી એક વ્યક્તિ માટે ઉભરાઇ જતી દુખાએલી લાગણી જોઇ સેવકને શક્તિ હીણુંજ ગણે, પણ એક ઇસમાઇલી ભાઇ એ માટે સેવકનો દોષ ગણશે નહીં. એવી આશા રાખું છું, વળી પણ આ લખાણમાં મી૦ કાબાનું નામ લખવું જોઇતું હતુંજ નહીં પણ મારા હૃદયમાં અમર ફુરમાન ઉપર ઉમ્મતની દ્રઢતાને મી૦ કાબાના ખોટા સાહિત્યોએજ જન્મ આપ્યો તે માટે આભાર નહીં માનતાં મી૦ કાબાએ હમો ઇસમાઇલીઓની લાગણી દુખાવી ઉશ્કેરીયાનો આરોપ મુકી હમારી દુખાએલી લાગણીવાળી થોડી સહન શક્તિ માટે અમારા દીની ભાઇઓ તરફની દુવા અને આ મારા અદના પ્રયાસથી લખાએલાં સાહિત્યમાં રહેલી ખોડ ખાંપણ માટે દરગુજર કરી લેખકની દુખાએલી લાગણીથી મી૦ કાબાને વપરાએલાં વિશેષણો માટે મી૦ કાબાનેજ જોખમદાર ઠેરવશો. એવી આશા રાખીએ છીએ.

લી૦ સેવક,

નાનજી [illegible]

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गूजराती कॉपीराइट विभाग ]

अनुक्रमांक ૭૩૩૦ वर्गांक

पुस्तकनुं नाम અમર ઈમાન ઉપર ઉમ્મતની દ્રઢતા

विषय પ૭૨૬ : ૮૨

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૩૩

# અમર ફરમાન ઉપર ઉમ્મતની દ્રઢતા

## યાને

## ઈસ્માઈલી ફીરકાનું ધારમીક જીવન.

"ક્યા ભરોસા હય દમે બે ખાકકા,
કઉલસેં ફિરતા હય પુતલા ખાકકા."

પાક દીન મઝહબ ઉપર દ્રઢ થવા સિવાય ખાકના પુતલા (બંદા) ની સ્થિતી ઘણીજ કફોડી થઇ પડે છે. અનુકુળ જણાય તે, તરફ ઢળી પડવું, દુઃખ કે મુશ્કેલી ભરેલા મારગ જણાતાં પાછું ફરવું, આવી રીતની અદ્રઢ અને ડગુમગુ સ્થિતિ બંદાના જીવનચરિત્રને કલંકિત બનાવે છે.

"ડગી મગી જઈ મુરખ માનવ આકીન મુકતા,
ચપટી ચણે રાચી અમૃત પાન થુંકતા."

(ડાયાભાઈ ધોળસાજી.)

મુશ્કેલી ભરેલા સંજોગોમાં અડગ નાહ રહેતાં પ્રકાશમાન સત્યતાનો ત્યાગ કરનાર બંદો પોતાને કફોડી હાલતમાં મુકે છે. ખાકનો પુતલો (બંદો) માતાના ઉદરમાં ઉંધે મસ્તકે ટંગાયો હતો ત્યાંની તેવી મુશ્કેલીમાંથી છુટો થવા માટે વીચાર કીધા વગર, કોલ આપ્યો. જો કે કોલ આપતી વેળાએ કોલ પાળવાનીજ નેમ હતી, પણ દુનિયામાં આવતાં તે વાત તદન ભુલાવામાંજ જાય છે. આત્મજ્ઞાન વગર ગર્ભાવાસમાં આપેલા કોલની યાદી નથી રહેતી પણ પાછો જન્મવા પછી જમાનાના ઇમામને મુરીદીમાં આવ્યાનો (નાનો કાંગવો યાને બયત કરી) કોલ આપે છે. તે કોલની સરતો બંદાના ધ્યાન બહાર તો નહીંજ હોય? વળી પણ તેથી વધુ જોખમદારી ઉઠાવવાનો પણ કોલ આપે છે.

ખરેખર બંદાની પવિત્ર શુભ ભાવના સત્ય માર્ગેજ દોરે છે, જેથીજ બંદો પોતે પોતાની રાજીખુશીથી બંધનમાં બંધાઇ કોલ આપે છે પણ તેવી રીતે જકડાઇ ગયા પછી છુટા થઇ અદ્રઢ ડગમગીયા થઇ રહેવું તે, બેકોલી થઇ ઇમાનદારીને નુકશાન પુગાડયા જેવું થાય છે અવળે માર્ગ દોરી જનાર સેતાની લશ્કર બંદાને અસત્ય તરફ ખેંચી જવા સદા તત્પર રહ્યું હોય છે, જેના દાવમાં સપડાઇ જતાં કોલ તોડી અદ્રઢ ડગુમગુ થઇ, અવળે માર્ગે ઉતરી પડવાના કારણમાં બંદો સેતાની સખત વાવાઝોડાને

આભારી હોય છે. માટે પાળી શકાય તેવો કોલ, ઉપડી શકે તેવો બોજો લઈ વધુ ને વધુ ઉપાડી શકનાર પહેલવાન થઇ શકાય છે, માટે આપેલા કોલને યાદ કરીને સરતોની હદમાં રહી દરદ રહેવાની ખાસ જરૂર રહેલી છે. બંદા પોતે પોતાને સંભાળી શકવા શકિતમાન છે. તેમજ બંદાની શકિત બહારનો બોજો ઉપાડવાનું મુરશીદ કહેજ નહીં, બંદામાં શકિત ઘણીજ છે પણ અજ્ઞાનતાને તાબે થતાં બંદો અદરદ બની અસત્ય પવનમાં તણાઇ જતાં કોલનો ભંગ કરી નાંખે છે.

સતપંથી હકીકતી દીનદારોને દરેક ધાર્મીક ફરમાનો પ્રમાણે પરહેજગારી અખત્યાર કરવી પડે છે. રમજાન માસ વરસમાં એક વખત આવે છે, પણ પરહેજગારને રોજા ત્રણસોને પાંસઠે દીવસ કાયમ રાખવા પડે છે. જેમ દુનિયાના વેપાર રોજગાર માટે જીવતોડ મહેનત અને જોખમ ખેડવા પડે છે તે વેપારમાં લક્ષ્યબિંદુ એકજ "નફો મેળવવાનો" હોય છે. કોઇપણ વખતે એ ખાસ મુખ્ય નેમ "નફો મેળવવો" એ લક્ષ બહાર હોતુંજ નથી. તેમજ દરેક કાર્યમાં તેના ફળ મેળવવાનો ખાસ એક હેતુ રહેલો હોય છે તેમજ ધારમાક લાઇનમાં પણ નેકી ભરેલું રૂડું વરતન અને પરહેજગાર સ્થિતીમાં રહેવાની અનહદ મેહેનતના ફળ તરીકેનો ઉતમ હેતુ લક્ષ બહાર તો નજ હોય.

પરહેજગાર હકીકતી દીનદારો સત્યતા માટે અડગ રહી પોતાના પવિત્ર માર્ગ વચ્ચે આવતી મુશ્કેલીઓની પરવા નહિં કરતાં પોતાની મંજલમાં આગળ વધે જાય છે. વ્યાપારમાં જેમ બે પૈસાનો માલ એક પૈસામાં કે દોઢ પઇસામાં વેચી નફાની બદલે નુકસાન ઉઠાવવાની ધારણા હોતી નથી તેમજ ધારમિક મારગે થતી કસોટી રૂપી પુલ સરાતપર કસાતાં ગમે તેવી વિટંબના આડી આવે તો પણ પોતાના પવિત્ર હેતુને દરઢતાથી વળગી રહેવાની ખાસ જરૂરીયાત લક્ષ બહાર હોતીજ નથી.

જેમ સોનું કસોટી ઉપર કસાતાં વધુ પ્રકાશ આપે છે, તેમજ દરઢ હિંમતવાન હકીકતી દીનદારોનો ખરો પ્રકાશ પણ કસોટીના વખતેજ દેખાવ આપે છે, તેમજ પ્રકાશ વગરના પીતળ હોવા છતાં સુવરણમાં ખપનારા પણ કસોટીએ ચડતાં પોતાની જાત દેખાડે છે. એક સ્ત્રીની એક મિત્રની જેમ મુશ્કેલીના વખતે કસોટી થાય છે, ત્યારે ખરો મિત્ર કે ખરી સ્ત્રી વફાદારી ચુકતા નથી. તેમજ ખોટો મિત્ર કે ખોટી સ્ત્રી વફાદાર રહી શકતા નથી. આવા એવફાઇના દાખલા વફાદારી કરતાં આજના કઠણ કળીયુગમાં વધુ નજરે પડે છે તેમજ એક હકીકતી દીનદારે પોતાના ઉપર જે બોજો લીધો છે તે જેટલે દરજજે વફાદારી બતાવવી જોઇએ તે દરેક દીનદારના ખ્યાલમાંજ રહેવી જોઇએ કારણજે ગુરૂ મા બાપે જ્ઞાનમાં ફરમાવ્યું છે જેઃ—

## કલામે પીર.

**રીખીસર માહા વરત તમે આદરયો,**
**પણ કાંઈ ન જાણ્યો સતપંથનો ભેદરે હો.**

જેમ એક બીડીનો બંધાણી રોજું રાખે તે પોતે બીડી પીવા વીના રહી ન શકે માટે દરેક ખાણાપીણાથી વ્રત રાખે તે એકજ બીડી પીવાનું ચાલુ રાખે તેમજ એક પાનનો બંધાણી દરેક રીતેથી વ્રત સંભાળતાં ફકત એક પાન ખાઇ, અગર ચાનો બંધાણી પોતા માટે ફકત એક ચાની છુટ રાખી, બાકીના રોજા રાખે તે કેમ કામ આવે? તેમજ ગુરૂ મા બાપે પણ આપણુને ઉપલા જ્ઞાનનાં પાઠમાં યાદી આપી છે. જે રીખીસર ભાઇઓ તમોએ જે મોટું વ્રત આદરયું છે. પણ તે સતપંથનો ભેદ કેમ જાણતા નથી? ખરેખર આપણા કોલની ગંભીર સરતોની ગુરૂ મા બાપે યાદી આપી છે.

ભુતકાળમાં થઇ ગયેલા વીર પુરૂષો સત્ય મારગે અડગ રહી પોતાની અકલંકિત કીરતીની શાંખ મુકી ગયા છે. તેમજ સત્વ ધરમ માટે અડગ શ્રદ્ધાળુ થઇ દરઢ રહેવાની મુખ્ય નેમ રહૃદયમાં કાયમના માટે કોતરી રાખી તે પવિત્ર મુદરા લેખ કદી ભુલાઇ કે ભુસાઇ જવો જોઇએ નહીં.

શાહનુમા મુરશીદ વગર આ મારગમાં પોતાની મેળે મરજી મુજબ ચાલી શકાતુ નથી. મુરશીદ વગર મંજલે ચાલતાં ભયંકર પરિણામ આવે તેમજ નહી દેખી શકે

તેવો આંધળો મુરશીદ કીધાથી પણ તેવુંજ માઠું પરીણામ આવે. આ મુશકેલી ભરેલા મારગમાં રાહનુમા મુરશીદ વગર એક ડગલું ભરવું એ પણ ઘણુંજ ભય ભરેલું થઇ પડે છે.

આપણે આપણા રાહનુમા હાજર ઇમામ જેવો મુરશીદ ધરાવીએ છીએ. તેમજ તે મઉલાના અમર ફરમાન ઉપર દ્રઢ રહેવામાંજ આપણી બેહેતરી સમજીએ છીએ પણ કોઇ વખતે મુરશીદ હાજર ઇમામ તરફથી એવું વિચિત્ર ફરમાન બહાર પડે છે કે, તે અધુરા મુરીદની અહના અકલને બંધ બેસતું ન થવાથી મુરશીદના તેવા ફરમાન ઉપર અધુરા ઇમાનના સબબથી અક્કલ દોડાવવાનું ને શંકા લાવવાનું થવાથી મુરીદી ઉપર કલંક ચડે છે. માટે ચોકસ વેળાના કટોકટ સંજોગે કદી નહીં થયેલું તેવું ફરમાન થાય તે તરફ એક સેકન્ડ પણ બંદાએ પોતાનો મિથ્યા વિચાર કરવા રોકાવું જોઇએજ નહીં. જો સત્યતાને અંધ શ્રધ્ધાળુ થઇ (અક્કલનો ઉપયોગ કીધા વગર) વળગી રહીએ, અને અમર ફરમાનથી વિમુખ રહીએ તો ગુમરાહીમાં દાખલ થઇ ઇબ્લીસના કેજે પુગીઓ કારણજે જે મુરશીદ રાહનુમાની મુરીદીમાં કોલ દઇ બંધાયા હોઇએ, તે મુરશીદ ઉપર પુરું ઇમાન ન લાવીએ તો અધુરા ઇમાનના સબબથી શંકા આવે અને કઠણ સંજોગે જે થોડું ઇમાન હોય તે પણ જતું રહે.

હાજર ઇમામના ફરમાન વિરૂધ્ધ વરતીએ તો તે અમર ફરમાન ઉપર દ્રઢ રહેવાનો ખાસ હેતુ રૂપી મુદ્રા લેખ ભુલાઇ જતાં અવળે મારગે ઊતરી પડીએ તેમાં કંઇ શક નથી.

**શીંદીવાદ જવાં મરદીમાં ઇમામ મુસ્તન શીરબલાએ ફરમાવ્યું છે જે.**

**હજાર અગર હજાર નેક અમલ કરે ને જીકર ને ફિકર ને વખાણને તારીફ ને હજાર ઇબાદત કરે ને હજરતે ઇમામ કે દુનિયા મેં નથી ઓળખે તદ ન ઉનજી નીમાજ કબુલ આએ ન ઉનજી ખએર કબુલ ન ઉનજા અમલ કબુલને ન ઉનજી દુનિયા આએ ન ઉનજી આખરત આએ. ઉનજી જગા દુજખમેં હોય.**

જમાનાના ઇમામની સનાખત મેળવ્યા વીના કીધેલી મહેનત બરબાદ જાય છે. તેમજ જમાનાના ઇમામની શનાખત મેળવ્યા પછી પણ આ સતપંથ ધાર્મિક ધોરી સડકે ચાલતાં રાહબર યાને હાજર ઇમામના અમર ફરમાન ઉપર (કઠણ સંજોગોએ) દ્રઢ નહીં રહેતાં દીનનો ખાસ ઉસુલ ભુલી જશું તો તમામ મહેનત બરબાદ જશે તેમાં કંઇ શક નથી.

ફરેબી અમરૂ આસના પ્રપંચથી માવીયા તરફના લશકરના લોકોએ પાક કુરઆને સરીફને નેજા ઉપર ચડાવી

અમાન માંગીને મઉલાના લશકરને ફરેબમાં લીધું.

"જેમ એક રાજા પોતાની રઈયત માટે કાયદા બાંધે ને તેવા બાંધેલા કાયદાના હુકમ પ્રમાણે વરતન કરવા માટે ખાસ હુકમ કરે, તેમ છતાં કોઇ ચોકસ સંજોગોએ રાજા તરફથી બીજો નવો હુકમ બહાર પડે અને કાયદાના તે પુસ્તકથી ઉલટી મતલબનો હુકમ થાય ને રાજાના તે નવા હુકમનો લોકપક્ષ અનાદાર કરે ને લોકો પુસ્તકના હુકમ ને કાયદા પ્રમાણેજ ચાલવા માંગે ને લોક લાગણી એક થઇ જાય તો જેમ રાજ્ય સત્તાનું પરિવર્તન થાય, ને લોકોનો બુલંદ અવાજ જોઇ રાજાએ લોકમત પ્રમાણે વરતવું પડે અને કાયદાના પુસ્તક ઉપર બધો આધાર થઇ પડે, તો વિચારશીલ લોકો ઇનસાફની નેમ જાળવનારા હોય, તો તો કંઇ વીધન આવે નહીં." આવા દુન્યવી દાખલા મુજબ ઇસલામી ઇતીહાસમાં બનાવ બનવા પામ્યો છે.

હ૦ **મઉલા મુરતજા અલી** જેમ દુનીયાના બાદશાહ હતા તેમ દીનની પણ બાદશાહી કરતા હતા. સર્વ શકિતમાન રાજા હતા, છતાં માવીયા સામે થયેલા જંગમાં ઉપર કહ્યું તેમ કુરાને શરીફ ઉપર પ્રીતી ધરાવનારા લોકો તે પક કીતાબનું માન રાખવા ગયા અને હ૦ **અલીના કલામ** જે (બોલતું કુરાન) હતું. તેના ઊપર કંઇપણ આધાર રાખ્યો નહીં ને લડાઇ બંધ કરવા લાગ્યા. ત્યારે હ૦

અલીએ ફરમાવ્યું જે.—

**હાઝા. કુરઆનો સામેત વઅનાકુરઆને નાતેક**

અરથ—આ મુગું કુરઆન છે અને હું બોલતું કુરાન છું. (નુરેવહદાનીયત.)

મઉલાના તે ફરમાનના ખાસ હેતુને માલકે ઉસ્તર જેવા પહેલવાન પક્ષના થોડા લોકોજ સમજ્યા બાકીના લોકોએ લડાઇ બંધ કરવા હ૦ અલી સામે સખત વાંધો દરશાવ્યો ને ખુલ્લી રીતે કહેવા લાગ્યા જે "જો હવે તમે લડાઇ બંધ નહી કરાવો તો હજરત ઓસમાન જેવા તમારા હાલ કરશું." (નુરે વહદાની[illegible])

એ મુજબ લોકોની ગુમરાહી જોઇ હ૦ અલીએ લોક સતા કબુલ કરી કહ્યું જે—.

**"કાલ સુધી હું તમારો હાકમ હતો હવે આજ તમે મારા હાકમ થયા છો."**

જ્યારે હ૦ અલીએ જાણ્યું જે લોકો રાહે રાસ્ત પર આવવાના નથી, જેથી લોકોની મરજી મુજબ થાવા દીધું. ખરેખર ઇસલામી ઇતિહાસમાં તેજ દીવસે કુદરતી સતા (હ૦ અલીની) સામે લોક સતાનું બળ વધ્યું ને તે કુદરતી સતાથી જાહેરમાં ઇસલામનું રક્ષણ થતું બંધ થયું ને લોકો પાક કુરાને શરીફની જુદી જુદી રીતે સમજણ લઇ મરજી મુજબ વરતવા લાગ્યા તેજ

કારણ કે આજ ઇસ્લામ કોમ ફીરકામાં વ્હેંચાઇ ગઇ છે ને નબી મહમદ મુસ્તફાની ભવિષ્યવાણી ખરી પડી પ્રત્યક્ષ જોઇએ છીએ ખુદાના લાખ લાખ શુક્ર છે જે આપણે તે મઉલ્લાના પાક નુરની પ્રકાશિત રોશનીની રખેવાલીમાં આબાદ રહવા છીએ. હવે તે હિદાયત ઉપર ચુસ્ત વિશ્વાસ રાખવાની ઘણી જરૂર છે. કારણ જે ઇસલામનો આગલો ઇતીહાસ જોતાં ચુસ્ત વિશ્વાસ નહીં રાખવાથીજ તે જીસ્મમાં જલ્વાગર થઇ રહેલા પાક નુરનો પવિત્ર રૂતબાનું વજન ઓછું સમજતાં ઉમ્મતને અવળે રસ્તે દોરાઇ જવા જેવું થઇ પડ્યું છે.

ગુરૂ પીર શમસ મા બાપે મુડદાને સજીવન કીધા ત્યારે પણ તેઓના ઉપર સરા ઉતરી જે માટે ગુરૂ મા બાપે મન સમજાણીમાં ફરમાવ્યું છે જે.

**અલ્લાહકા હુકમ હમ કીયા તો મુડદે જવાબ ન દીયા,**
**તીન કલામ એસા કરીયા તોએ મુડદા પડીયા રહ્યા;**
**હમ હમારા હુકમ બોલીયા તબ મુડદા ઉઠ ચલેયા.**

* * * *

**સારા જુલમ એસા કરેઆ ઉને દોષ હમ ઉપર ધરેઆ,**
**કાજી કે તમ કલમ કરેઆ તબ મેરી (ખાલ) પોસ ઉતારેઆ.**

ગુરૂ મા બાપે ત્રણ વખત મુડદાને ઉભો થવા

ખુદાના હુકમથી ફરમાવીઉં છતાં મુડદો ઉભો ન થયો જ્યારે મા બાપે પોતે પોતા તરફથી કહ્યું ત્યારે મુડદો સજીવન થઇ ઉભો થયો.

તો તેથી ખુદાના લાલ બ્રહ્માજી કે નબીજી રૂપે ગુરૂ માબાપની મહત્તા ખુદાથી જુદી નથી તેમ તે ગુરૂનર શાહાપીર કે અલી નબીના નુરી પ્રકાશની અકળ ગતી માટે ઇન્શાનની અદના અકલ ઇનશાફ કરી શકવાની નથી.

ગુરૂમાબાપનો તે ચમત્કાર જોઇ હિદાયત મેળવવાનું કાજી સાહેબને નશીબ થયું નહીં, પણ કાજી સાહેબની પોતાની નફસાની આમદાની સાથે લોકો તરફથી માન અકરામ મલતું બંધ કરનાર આવો ચમત્કારિક મોજીઝો બતાવનાર હરીફ (ગુરૂ માબાપ) માટે ઇર્ષા થઇ જેથીજ ગુરૂ મા બાપ, ઉપર સરા ઉતારી ખરેખર દીલ ઉપર અને કાનો ઉપર ખુદાએ શીલ મારી હોઇ તેવા કાજી સાહેબને હિદાયત કયાંથી નસીબ થાય ?

ઓલીયા અંબીયા પીર પેગંબરો વગેરેએ લોકો તરફથી થતી ભુલોની દરગુજર કીધી છે, જે દીન દુન્યાના બાદશાહ છે, જેની શકિતનો પાર નથી તેવા અવતારિક પુરૂષોમાં લોકો માટે દ્વેષ તો નજ હોય. પણ લોકોને હીદાયત મળે એવા હેતુથી કંઇક ચમત્કાર બતાવે છે તે ચમત્કાર જોઇ જેઓ હિદાયત મેળવવાના અધિકારી ગુનાહોથી પાક) હોય છે, તેવાઓને ઉત્તમ શિક્ષણ મલી

જાય છે. પીર સદરદીન બાબાપે જેથીજ દસમા અવતારમાં ફરમાવ્યું છે જે.—

**"હેત હકીકતને કારણે સામીજી તમે ભલે ભલે અવતરીયા."**

ઉપર કહ્યું તેમ અવતારીક પુરૂષોનો ચમત્કાર જોઇ રાહે રાસ્તનો અધિકારીઓ પાર પામી જાય છે બાકીના ઓ પણ સમજી શકે છે, ને પાછળથી પસતાવો પણ કરે છે પણ ચાનસ મેળવવાનો ઉતમ વખત વહી ગયા પછી થયેલી ભુલોને સંભાળી રોવું કુટવું કંઇ કામ આવેજ નહીં. સુબ્હાન અલ્લાહ આપણ દીનદારો માટે આજના આ વર્તમાન ચાલુ શુભ સંજોગો ઘણાજ કીંમતી છે, કારણ જે આપણા હાથમાં આખરત સુધારવાવાળી બાજી મઉલાની શનાખત ધરાવવાની ખુશ નશીબી પુરવે કીધેલાં પુન્યનું ફળ છે હવે આજના આ શનાખત રૂપી શુભ ચાનસનો સંપુરણ લાભ હિંમત અને દ્રઢતાથી હાજર ઇમામના અમર ફરમાન ઉપર અડગ રહી તે અલભ્ય લાભ મેળવવા નશીબવાન થઇ શકાશું.

આગલા ઇતિહાસો જોતાં ગુરનરની અટપટી રમત અને મોજીઝા જોતાં આપણે ભવિષ્યમાં એકજ લક્ષ્યબીંદુ તરફ જોવાની ખાસ અગત્ય જણાય છે તે એ કે હાજર ઇમામના ફરમાન ઉપર દરઢ રહી હીંમતથી અડગ

અંશ ધરાવતી. કસોટીના વખતે પ્રકાશીત ચોખ્ખા સુવર્ણ જેવા વફાદાર રહીએ, તેવા થવાનીજ જરૂર જણાય છે. કોઇપણ વખતે કસોટી થાય અરથાત મઉલા તરફથી કંઇ જુદા પ્રકારનું ફરમાન થાય તો તે પાક ફરમાન ઉપર અડગ રહેવા ઇજત આબરૂ કે જાનની પરવા કરવી જોઇતી નથી.

જુઓ આપણા ગુપ્તી હિંદુભાઇઓ હિંદુ ધર્મમાં તકીયો રાખી આપણી ધારમીક ક્રીયા છુપી રીતે કરતા હતા તેઓની પણ કસોટી થઇ ને તેઓને જાહેરમાં ઇસ-લામી અખતીઆર કરવી પડી જેમાં તેઓએ પોતાના હિંદુ સગાઓ સાથે અણબનાવ અને અપમાન ખમવાની જરા પણ દરકાર કીધી નથી. એવીજ દ્રઢતાની આપણને જરૂર જણાય છે.

**અલીઅલ કુરઆન વલ કુરઆનો અલઅલી.**

અરથઃ—અલી કુરાન સાથે છે ને કુરાન અલીની સાથે છે.

ખરેખર દ્રઢ વિશ્વાસ વગર ધરમી હોવાથી કંઇ ફળ મેળવી શકવાના નથી. ગમે તેવા સખત સંજોગોએ પણ દ્રઢતામાં કસી કચાસ આવવી નજ જોઇએ.

મઉલા મુરતઝા અલીના ખુદાઇ નુરને દરેક ઇસ્લામી ભાઇઓ જાણી શકે છે, પણ અમુક હદમાં રહી માને છે. મઉલા અલીના નુર માટે આગા અલીશાહા દાતારે પોતાના

મુખ મુબારકથી ફરમાવ્યું છે જે.—

"પ્રથમ ખુદાતાઆલા નુર સ્વરૂપ હતો, પછી એ મઉલાને ઇચ્છા થઇ કે હું એવી તરેહ એકલો રહીશ તો મને ઓળખીને મારી સેવા કોણ કરશે તેથી હવે મને ઓળખી મારી સ્તુતી કરે તેને પેદા કરૂં એવો વિચાર કરી ખુદાએ પોતાના નૂરમાંથી કુતુબ તારા સાથે પાંચ તન ઉત્પન કરયા."

(જવાહરે હકીકતમાંથી.)

તેની ખબર પાકશાને શરીફમાં છે જે.—

રેતુંઇ—આપ નિરિંજન પ્રગટ હુવે,
અને આપે ઉપાવી જાત,
આપસ માંહેથી ઉપન્યા,
સો સતગુરૂ સીતારા સાથ.

તોતેર ફીરકામાંથી કોઇ પણ ફીરકો આ કલામે પીર વીશે ઇનકાર કરી શકતો નથી. સરવે એક સરખી રીતે એકરાર કરે છે કે ખુદાના નુરમાંથી પંજતન પાક સાહેબ ઉત્પન્ન થયા. (જવાહરે હકીકત.)

## કલામે શાએર.

પંજતનકો સમજો નુર બીલકુલ હય,
ઉન્હી વાસ્તે ખતમ ઉન્હોપર કુલહય.

## નુરે યાસીનભી ખતમ હુવા ઉન્હીપે,
## કુતુબ સીતારા જીસકી પેશાનીપે.

એ પ્રમાણે હરજત મઉલાના મુરતજા અલીના પાક નુર મઝહરે જાતે ઇલાહી માટે જુદી જુદી રીતે દરેક ઇસલામીભાઇઓ એકરાર કરે છે પણ આપણે ખરેખર ખુદાના નુરની પાક જાત તરીકે તે નુરની પરસ્તી કરવામાં દરઢ રહ્યા છીયે. આપણા ઇમામોમાં તે નુર ક્રમવાર સીલસીલાબંધ જલ્વાગર થતું ચાલુ રહ્યું છે અને કીયામત સુધી ચાલુ રહેશે. તે પવિત્ર માન્યતાને દરઢતાથી વળગી રહેવાની ખાસ જરૂરત છે. અગાઉના જમાનામાં ધરમ પાળવા માટે આજના જેવું છુટાપણું ન હતું. આજે આપણે આગલા જમાનાને યાદ કરીએ છીયે તો સુબ્હાનલ્લાહ ના૦ બ્રિટીશ સરકારના અદલ ઇન્શાફી રાજયમાં આપણે ઇસલામી ભાઇઓ પરસ્પર પ્રીતી બતાવી કરેક ફીરકા વાળા થોડા થોડા તફાવત સાથે એકજ કલ્મોઓ ભાઇઓ અઇકય ઇસલામી બળ મેળવી શકશું અને દરેક ફીરકાવાળા ભાઇઓ પરસ્પર ઉદારતા બતાવી સઉ સઉની માન્યતા મુજબ વરત્યે છીએ, તેમાંજ આપણી દીન અને દુનિયાના બેહેતરી સમાએલી છે, જયારે ઉપર કહ્યું તેમ મઉલા અલી તે ખુદાનું નુર કુતુબ સીતારાથી રોઉશન થયા માટે કોઇ ઇસલામી ભાઇઓ ઇનકાર કરતા નથી.

ત્યારે તે. પાક જાત જીસ્મમાં જલ્વાગર થઇ રહે અને નિરાકાર સરવ વ્યાપક સત્તાના એક જાહેર થયેલા મધ્ય બિંદુ તરીકે નુરને મારફતી રીતે તેજ પાક જાત મજાહરે જાતે ઇલાહી વહદહુ લા શરિક તરીકે ગણી તે નુરની નુર પરસ્તી કરનારા આપણે દીનદાર ભાઇઓ વ્યાજબી છીએ. અને તે સત્ય મારગે દરઢતાથી ચાલવામાં આપણા આડે ઘણા વાધનો આવે છે, તે માટે દરઢ રહેવું જોઇએ.

દીન મઝહબ ઉપર પરહેજગાર સ્થિતીમાં રહી દરેક ગુનાહોથી પાક રહેવાની ઘણી જરૂરત છે અને સત્ય મારગે દરઢતાથી ચાલવામાં મારગમાં ઘણા વાંધનો યાને શૈતાની નડતરો આવે છે. એક તરફ નેકી અને સત્યતા પ્રકાશી રહી બંદાને રાહે રાસ્ત પર આવવા લલચાવી રહી છે, જયારે તેથી ઉલટી દીશામાં શઇતાની બદી બંદાને ગુમરાહીમાં ગરકાવ કરવાનીજ વાટ જુએ છે, ખરેખર બંદાએ આ પુલ સરાત પાર ઉતરવા અને સત્યતાને વળગી રહેવા અડગ દરઢતા ધારણ કરવાની ખાસ જરૂરત જણાય છે.

જ્ઞાન ઇલમની નસીહતો મીજલસ જાગૃણો, વગેરે આત્મરક્ષક જાગૃતીનાં નગારાં બંદાના જ્ઞાનચક્ષુ ખોલી આત્મોન્નતીના પવિત્ર મારગનું દરશન કરાવી રહયા છે.

આ સતપંથ મારગના રક્ષક રાહબર હાજર ઇમામ પોતાના પાક ઇમામતના શાહી વાવટા નીચે હકીકતી

દીનદારોને પોતાના પાક સાયામાં સંભાળથી રાખે છે. ખરેખર આવા રાહબરના ઓથે બેસેલા આપણ દીનદારોમાં હિંમત અને દ્રઢતા એ ચીજ હોય તો રસ્તો ખુલ્લો આશાન જણાય છે, પણ જે અર્ધદગ્ધ સ્થિતીમાં ડગમગીયા થઇ રહે, તેના માટે ઘણી બીક રહે છે કારણ કે ચોતરફથી શેતાની પવન બંદાને ગુમરાહ કરવાને તલપી રહયો હોય છે. દહીંત પક્ષ તરફદારી જનારા (કાલીંગાના ચેલા) અસત્યને સત્ય કહી જાણી બુઝ બંદાને ગુમરાહ કરવાનોજ ધંધો લઇ બેસેલામાંના એક મી૦ ઓધવજી ધનજી કાબા અમરેલીવાળા કે જે અમો ઇસ્માઇલીઓ માટે દહીંત કાલીંગાના ચેલા થઇનેજ અવતર્યા છે. અમારી કોમ માટે મી૦ કાબા શેતાનનો હાથ અગર શેતાનની ટાંગ છે એમ કહેવામાં અમારી પાસેના [illegible] કારણો જાહેર આલમમાં જેની જાણમાં હશે તો તે અમારા આ લખાણને એકતરફી કે અતિશયોકતી ભરયું ગણશે નહીં. મી૦ કાબા અમારો ધરમ હાલનાં થોડા વખત થયા તજી ગયા પછી પોતે જઇ ભળેલા નવા ધરમ ઉપર કોઇ જાતની પ્રીતી ધરાવતા હોય ને તે નવા ધરમના સિધ્ધાંતો ઉપર આશક થયા હોય એવું બીલકુલ જણાતુંજ નથી. ધરમ વિરૂદ્ધ અને સત્ય વિરૂદ્ધ વિચિત્ર વિચારો રજુ કરનારા મી૦ કાબાને કોઇ વિચારશીલ ઇસમ આશરી પણ ધિક્કારની નજરથી જુવે અને કાબાને ઇશનાઅશરીના મંડળમાં ઇમાની

અશરી તરીકે પણ સ્વીકારે નહી.

અમારા નામવર પીર **સદરદ્દીન** સાહેબના બતાવેલ ધરમ તજી ગયા પછી તે નામદાર પીર માટે મી૦ કાબાએ અઘટિત લખાણો લખી પોતાના હાથને અપવિત્ર કરી તે નામવર પીર તરફ પોતાની ભ્રસ્ટતા દેખાડી પુસ્તકો બગાડયાં છે. તેનું પહેલા નીકળેલું હશન બીન સબાહનું જીવન ચરિત્ર લખાએલું પુસ્તક કોઇ ઉધરતો ઇસમાઇલી વાંચે તો જરૂર તેનું ધારમિક ખુન જોશ કર્યા વીના રહે નહીં. પાછલથી મી૦ કાબાને પોતાની તે ભુલ જણાયાથી તે સેતાની વલણ બદલાવ્યુ છે ને તે નામવર પીરને તેના ઇશનાશરીના પીર તરીકે ગણી ફરેબી જાળ સાજી કરે છે. જેથી પણ અમોને વધુ ને વધુ કંટાળો થઇ પડયો છે.

અમે તો એમજ ઇચ્છીએ છીએ જે મી૦ કાબા. જે ઇશનાશરી મંડળના મેમ્બર થયા છે, તેજ રહીને વળગી રહે તેજ તેને શોભા આપનારૂં છે.

અમારા નામવર પીરોને ઇશના અશરીના પીરો તરીકે ગણુવાની મકરબાજી ન કરે તેજ તેના ઇરના અશરી ધરમ માટે શોભા આપનારૂં છે.

મી૦ કાબા તમો પીર **સદરદ્દીન** સાહેબ સામે જાહેર ખખાળા કાઢયા પછી તે નામવર પીરના મુરીદ થઇ "સરવે ઇશનાઅસરીઓને બોધનાર પીર **સદરદ્દીન** સાહેબ છે" એવું કહેવા નીકળીયા છો, તો મી૦ કાબા જેમ હલકી

નો ગાંડીયો લઇ ગાંધી થઇ બેસવાની માફક આજકાલ ઇશનાઅસરી થઇ બેઠા છો પણ નામવર પીર **સદરૂદીન** શાહેબને તમારા પીર ગણવામાં તમે તમારા ઇગની ઇશનાઅસરી મોગલ બાઇઓની સંમતીથી બોલો છો યાને સમગ્ર ઇશનાઅસરી મંડળ તરફથી બોલો છો તો સમગ્ર ઇશનાઅશરીઓમાં તે નામવર પીરનું નામ લેવાતું હોય એ ઇરાની તવારીખમાંથી રજુ કરો જેમ આવે તેમ નુરે હીદાયત નામ રાખી ભુલેલ હીદાયતના હેતુ ધરાવનારા લખાણો લખી માસિક પુરૂં કરો છો ને પીર **સદરદીન** સાહેબનું નામ લેવામાં આંચકો ખાતા નથી પણ જો તમે કોઇ ચુસ્ત ઇશનાઅશરી ૫–૬ મેમ્બરો કે જેના અમો નામો આપીએ, તે મેમ્બરોના વીચારો નામવર પીર **સદરદીન** માટે ખરી હકીકત તમારા ભુલેલ હીદાયતમાં પ્રગટ કરી જગ જાહેર પીર **સદરદીન** માબાપના પ્રકાશિત ઇતિહાસને ખોટું પાડો અથવા હિંદુ મોહોમેદન ૫–૧૦ મેમ્બરો પ્રતિષ્ઠાવાળાની શહીઓ લઇ તમારા ટેકામાં રજુ કરી પછી લખવા બેસો તો તો ઠીક પણ કલમને કાગળથી જેમ આવે તેમ લખી બકી કે ભસી ગયા જેવું કરો ને તમારી આબરૂ ખરાબ કરો તેથી શું વળવાનું છે.

નામવર પીર શદરદીન કે તે શ્રી **ઇસલામસાહની** ઇમામતના વખાણ પોતાના પાક જ્ઞાન શાસ્ત્રોમાં કરે છે. જે ઇશનાઅશરી ધરમથી ( વિરૂધ્ધ ) ઉલટુંજ છે જો

પીર સદ્રરદીન માટે કોઈ ઇરાની ઇશનાઅશરીને પુછવામાં આવે જે, "હાલમાં પીર સદ્રરદીને બોધેલી ખોજા કોમમાંથી એક અમરેલીવાળો ખોજો એદલજી ધનજી કાબા તમારા ઇશના અસરી ધરમમાં ભળીઓ છે. છતાં તે નામવર પીર સદ્રરદીન કે જે, ઇસમાઇલી પીર થઇ ગયા છે. તેને તે કાબો ( પોતાનો ) પીર ગણે છે છતાં પોતે ઇસનાસરીમાં ગણાવે છે," આ સવાલના જવાબમાં તે ઇશના અસરી પરહેજગાર મોગલ તરફથી એજ જવાબ મળશે, જે તેવી રીતે ઇસમાઇલી પીરોનું નામ લેનાર ઇશનાશરી થઇ શકેજ નહીં અથવા મી૦ કાબાને તેવી વરતણુંક માટે કાફર કહે તો પણ તાજુબી નહીં. મી૦ કાબા તમોને અમો ખુલી રીતે આમંત્રણ કરીએ છીએ જે આગેવાન મોગલો અગર બીજા કોઇ પણ તમારી જાનવાગા ઇશના અશરી પ્રતિષ્ઠાવાળા ગ્રહસ્થો જેના અમે નામ આપોએ તેવા મોનેબર ૫, માણુસોના નામવર પીર સદ્રરદીન માટે અભિપ્રાયો તેઓની સહીઓ સાથે જુસેલ હીદાયતમાં રજુ કરી જાહેર નહીં કરો ત્યાં સુધી તમારી તે હડહડતી ખોટી દલીલો ને જુદા જુદા વીચારો ધરાવનારી ફાંટાબાજ કરેણી વર્તણુંકને કુવત આપી શકશો નહીં.

મી૦ કાબા તમારૂ જીવન ચરિત્ર વધુ કલંકિત બનાવવાથી બાજ આવો. તમારા ફાંટાબાજ વિચારો જોતાં તમે ઇશના અસરી છો, એ પણ સાબીત થતું નથી ખરેખર

ઇસ્લામના શતરૂ તફરકા વધારનારા દેશ રાજય રય્યત સઉને બાર કર્તાં સેતાનની ટાંગ અથવા સેતાનનો હાથ બની સેતાની બાજુએ દોરવનાર શેતાનના જાંન-શીન થઇ સ્થુળ દેહીમાં સેતાની સ્વરૂપ ધારણ કીધું છે. તમારી ખુશનુંદી કે તમારી ફતેહ તે શઇતાન ઇબ્લીશ-નીજ ફતેહ છે તમારી હાર તમારૂં રૂદન તે શઇતાન ઇબ્લી-શનુંજ રૂદનને શેતાન ઇબ્લીશ નીજ હાર છે. ખરેખર બંદાએ શેતાન ઉપર અને શેતાની ખાસીહતો ધરાવનારો ઉપર ફતેહ મેળવવી જોઇએ જેથીજ ખુદાવંદ આલમીન પોતાના બંદા ઉપર રાજી થાય અને સેતાની દઉરમાં તણાઇ જઇ શઇતાનને તાબે થનાર ખુદાવંદ આલમીનની દોરતીમાંથી નાબુદ થાય છે.

મી૦ કાબા તમો એક ફશનાઅસરી લેખક તરીકે જાહેર જીંદગી ગુજારો છો પણ બાતેનમાં અમો ઇસમાઇલી આખી કોમની ચડતી આબાદી માટે અનહદ દવેશ ધરાવો છો તે તમારા સાંકડા નાપાક રૂદયનું મોટું સાહસજ કહેવાય. કયાં તમારૂ નાનકડું શીહા રદય ને કયાં તેટલી સાંકડી નજીસ હદમાં એક પવિત્ર આખી કોમ ? માટે આટલો મોટો સાહસ ખેડનાર તમારૂં સિહા રદયને પ્રશં-સાને પાત્ર ગણીયે છીયે ને તમારા તે સીહા રદયમાંથી નીપજતા દવેષી વિચારો રૂપી સાહીત્યથી દરેક ખુદાના બંદાએ સાવધ રહેવાની ખાસ જરૂર જણાય છે

મી૦ કાબા અમે જોઇએ છીયે જે તમારા તે સીહા રહ્દયમાં લાગુ પડેલી હશદની બિમારી દીવસે દીવસે વધુ ફેલાઇ છે અર્થાત રહ્દય વધુ સીહા થતું જાય છે. અમારા-માંનો કોઇ અરધ દગ્ધ સ્થિતીનો અધુરો ઇમાની મી૦ કાબા તમારૂં શેતાની સાહિત્ય વાંચીને વિચાર કીધા વગર અમારો ધરમ તજી દીએ તો કહો મી૦ કાબા તમો તેને પાછો કયો અને કેવો મારગ બતાવવા ધારો છો? તમારૂં સીહા રહ્દય રૂપી માસિક જેના ઝાંખા પાનામાં ઝેરી લખાણો જણાય છે પણ તમારી ઉતમ નીતીનો કે ધરમનો નમુનો કે ખુબી કેમ બતાવતા નથી?

જુઓ અમારૂં "ઇસમાઇલી સતપંથ પ્રકાશ" જેમાં નાઇલાજે એક હસદખોરને જવાબ આપવાની જરૂર જણાતાં દીલગીરી સાથે "હશદખોરને કાન ચીમટી" એ લેખ એટલોજ આવ્યો છે. બાકી બધી ઇસમાઇલી ધરમની ખુબીઓનાંજ વરણુન છે. તેમજ તમે જે ભુલેલ હીદાયત રૂપી તમારૂં સીહા રહ્દય સાહિત્ય દ્વારા ખુલ્લું કરો છો તેમાં પહેલા પાનામાં "અમારી દરદનાક અપીલ" આવી છે. તમારા ઇશના અસરી મંડળનાઓને પણ તમારૂં સીહા અંતકરણ રૂચતું નથી જેથી લવાજમો ચડી ગયાં છે ને કોઇ તમારા ઝેરી ઉભરા રૂપી માસીક વાંચવા ચાહતું નથી, જેથી તમારો હાથ લુલો થયો છે. ખરેખર ખુદા ચાહશે તો તમારા તે અપવિત્ર હેતુ માટે

બધું ભુલું ને લંગડું થશે અને જ્યારે તમારા હેતુ શુભ અને સત્ય રાસ્તીને ચાહનારા થશે ત્યારેજ ખુદા તમોને તાકાત બક્ષે, એવું અમે ખુદા પાસે માંગીએ છીએ.

આ ધારમીક દ્રઢતાના પવિત્ર લખાણમાં ઉપર મુજબ મી૦ કાબાને દીલગીરી સાથે યાદ કરવામાં આવ્યા છે, તેનું મુખ્ય કારણ એજ કે અદ્રઢને ડગુમગુ સ્થિતી વાળાને હચ મચાવનાર શઠતાની સાહિત્ય રૂપે મી૦ કાબાનું સિહા માસિક તેમજ સીહા સાહિત્ય રૂપી પવન આપણુ ઇસમાઇલીને નુકશાન કરતા છે તેમજ દ્રઢ હકીકતીના રૂદયમાં ધારમીક પાક લાગણીને દુખાવનારા છે. માટેજ મી૦ કાબાને દીલગીરી સાથે યાદ કરવા પડયા છે, તેમજ હવે પછી પ્રસંગોપાત યાદ કરવા પડશે, તે માટે અમે દીલગીર છીએ.

હજરત મઉલા મુરતજા અલીના પાક નુર મજહરે જાતે ઇલાહી માટે જુદી જુદી રીતે દરેક ઇસલામી બાઇઓ એકરાર કરે છે અને આપણે ઇસમાઇલીઓ ખરેખર ખુદા તરીકે તે પાક નુરની પરસ્તી કરતા આવ્યા છીએ, તે ખુદાના પાક નુરનું ક્રમવાર જલ્વાગર થવુ ચાલુજ રહયું છે, અને ઇમામતની સીલસીલેબંધ સાંકળ દ્વારા તે જલ્વાગર નુરની રોશની કીયામત સુધી ચાલુ રહેવાની છે, આપણી તે પવિત્ર માન્યતાને દ્રઢતાથી વળગી રહેવું ઘણું જરૂરનું છે.

જો કે આપણા બીજા ફીરકાવાળા ઇસલામી ભાઈ-ઓ આટલી હદ સુધી એકરાર કરતા નથી. તો પણ નામદાર બ્રિટીશ સરકારના ધર્મ રક્ષક રૂડા રાજ્યનિતિના પ્રતાપે તે અહલ ઇનસાફી રાજ્યની રઇયત તરીકે દરેક મોહમેદનભાઇઓ કેળવાયા છે ને પરસ્પર ઉદારતા દરશાવે છે દરેક ફીરકાવાળા મોહમેદનભાઇઓ અહલે ઇસલામની અઇકયતા જોવાવાળા અહલે ઇસલામનું અઇકય બળ પ્રાપ્ત કરવાના પવિત્ર હેતુ ધરાવે છે જેથી આપણી હકી-કતી ઇસલામી પદ્ધતિના પવિત્ર સીધ્ધાંતો ખુલ્લી રીતે પાળવાનો આ જમાનો મેળવવા નશીબવાન થયા છીએ. અગાઉના જમાનામાં આવા રીતનું ધર્મ માટે છુટાપણું ન હતું કે ઇસલામીઓમાં અહલે ઇસલામનું અઇકય બળ પ્રાપ્ત કરવાની લાંબી સમજણ કે ઉદારતા ન હતી, પણ આજે આપણે આગલા જમાનાને યાદ કરીએ છીએ. તો શુબ્હાનલ્લાહ આપણે દરેક ફીરકાવાળા ભાઇઓ મળીને ઇસલામની અઇકયતા આ જમાનામાં પ્રાપ્ત કરી શકીએ એવા ચિન્હો જણાય આવે છે, કોઇ કોઇ વચ્ચે કાંટા રૂપે મી૰ કાબા જેવા લેખકોની હસ્તી જણાઇ છે, તે પણ ખુદા ચાહતો હશે તો નાબુદ થઇ જશે અને થોડા થોડા તફાવત સાથે એકજ કલમેગો ભાઇઓ પર-સ્પર પ્રીતી ધરાવી ઇસલામની અઇકયતા મેળવી શકશુ.

ઉપર કહયું તેમ પંજતન પાક (ખુદાનું નુર) કુતુબ

સીતારા માસ્ફને રોશન થવા માટે કોઇપણ ઇસલામીબાઇ ઇનકાર કરતા નથી. ત્યારે તે પાક જાત જીસ્મમાં જહ્વાગર થઇ રહે પછી નિરાકાર સર્વ વ્યાપક સત્તાના એક મધ્ય બિંદુ તરીકે સાકાર જાહેર થયેલા નુરને નિરિંજન નિરાકાર નુર જેટલુંજ માન દેવાની જરૂરીયાત છે માટે આપણે તે વહદહુ લાશરિક નુરને જીસ્મમાં જહ્વાગર જોઇ તે નુરની પરસ્તી કરવામાં તેમજ તે મહેવાના અમર ફરમાન ઉપર દ્રઢ રહેવામાં. ધરમની તીવ્ર લાગણી ધરાવનારા હિંમતવાન થઇ રહેવું જોઇએ

મી૦ કાબા પણ પંજતન પાક નુરનું પ્રગટ થવું માન્ય રાખે છે. જ્યારે તે નુર ધરાવનાર બરહક ઇમામ મઉલા મુરતજાઅલીને ખુદા કહેનાર નુસેરી ને મી૦ કાબા નુસેરીની હકીકાઇ એમ કહી પોતાની હઠવાદ ચાલુજ રાખે છે.

કહેશો મી૦ કાબા કે તે પંજતન પાકના પવિત્ર નુરનું પ્રગટ થવું શા માટે થયું છે? તે પાક નુરને અપુર્ણ માનવા અને ખુદા ન કહેવું એ પણ એક અપુરણતા નથી તો બીજું શું છે?

કોઇપણ ઇસલામીબાઇ જબાનથી બોલે અથવા ન બોલે ને દીલમાં સમજે. પણ દરેકનું દીલ તો ગવાહી આપે છે જે, તે પાક નુરનું પ્રગટ થવું એટલા માટે

થયું છે જે નિરાકાર સવ વ્યાપક સ્થિતીમાં તેનો કોઇ બંદો ઓળખી શકે નહી. માટેજ શાકાર જીસ્મ ધારી નુર પ્રકાશમાન થયું છે, તો તે પ્રકાશમાન ખુદાનું નુર (જે જહેરાગર થઇ રહયું છે) ને કયાં સુધી માનવું અને કયાં સુધી ન માનવું, એવા મતમતાંતરથી ઇસલામી આલમ થોડા થોડા તફાવત સાથે માન્ય રાખે છે પણ મી૦ કોબા જે ઇશનાઅશરીઆ સાહિત્યના પ્રકાશક તરીકે ફાંટો ધરાવી ઇસલામી ઇતીહાશનો મરજી મુજબ ઇનસાફ આપી રહ્યા છે, વળી તેવી મહેનત ઊઠાવતાં ઉઠાવતાં તેનો એક હાથ હુઠો પણ થઇ ગયો છે તેનેજ અમે વધુ તકલીફ લેવાનું કહીએ છીએ, તે પાક નુરને કયાં સુધી માનવા અને કયાં સુધી ન માનવા તેનો ખુલાસો કરી પોતા તરફના ફાંટાબાજ ઇશનાઅશરી સાહિત્યની અપુરણતામાં વૃદ્ધી કરશે? એજ. તેઓ તરફથી આશા રખાય? કોઇ કોઇ, સુની ઇસલામી ભાઇઓ સુન્ના છે તેઓ પણ એમજ કહે છે, જે હજરત અલીને એક હદ કરતાં વધુ દરજ્જો આપવો હોય તો મારફતી રીતીએ આપી શકાય પણ શરીયતી રીતી પ્રમાણે અમુક હદ રાખવી જોઇએ.

ઘણા ઇસલામી ભાઇઓ હજરત મઉલા મુરતઝા અલીના ખુદાઇ નુર સ્વરૂપ માટેના અમારા મોઢેના વખાણ સાંભળી ખુશી થાય છે, જો કે તેઓની માન્યતા જુદા પ્રકારની છે છતાં પણ એક ઇસલામી ફીરકો

હ૦ અલીને ખુદા કહેનારો છે. એમ જોઇ ખુશી થઈ અઇકય ઇસલામની દ્રષ્ટિથી ઇસલામનું ગઉરવ માને છે પણ મી૦ કાબાને બીજાની માન્યતા માટે આવો શુગ કયાંથી થઈ આવ્યો? ખરેખર ધરમ રહીત એક કોમની ચડતી આબાદી જોઇ બળી મરવા જેવો હસદ ધરાવવાના કારણેજ મી૦ કાબાનું લખાણ ઝેરી ઓડકાર કાઢનારૂંજ છે.

## શ્લોક.

"બહુની મે વ્યતીતાની જન્માની તવ ચ અરજુન
તાન્ય હું વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરંતપ.

અર્થ—શ્રી કૃષ્ણ પરમાત્મા ફરમાવે છે જે હે અરજુન, તારા અને મારા ઘણા જન્મો થઇ ગયા છે હું તે બધા જન્મો વીશે જાણું છું પણ હે અરજુન તું તે જાણતો નથી.

જો કોઇ કહેશે કે અવતારની વાતો તો હિંદુઓની છે તો તેના જવાબમાં કહીશું કે જ્યારે ખુદાવંદ મઉલા મુરતજા અલીએ હજરત જીબરાએલને શિક્ષણ આપ્યું હતું તથા દેવના અંગુઠા બાંધ્યા હતા, મકબુલ વફાદારની ફાંસી કાપી હતી, હજરત સુલેમાન ફારસને સીંહથી બચાવ્યો હતો ત્યારે એ મઉલાએ શાકાર રૂપમાંજ એ કારયો બજાવ્યાં હતાં. તે સઘળા ઇસ્લામી પુસ્તકો કબુલ કરે છે તે પરથી સાબીત થાય છે કે ઇસ-

લામી પુસ્તકોથી પણ હ૦ અલીના અવતાર માટે ના પાડતી નથી.

મુસલમાન ગ્રંથકર્તાઓ ખુલ્લે ખુલ્લું લખે છે કેઃ--

"અલી ખુદા તો બેશક છે પણ અમે ખુદા કહી શકતા નથી." અલીને બેશક ખુદા ઉપલી લીટીમાં લખે અને લાગલી બીજી લીટીમાં કહે કે "પણ અમે કહી શકતા નથી" ત્યારે આવા હઠવાદનો ઈલાજ શું હોય? હ૦ મૌલા મુરતજા અલીનો અવતારિક વિષ્ણું છે, તેમજ હજરત ઈમામ હુસેન પણ તેજ વિષ્ણુંનો અવતાર છે. બીબી મહમદ મુસ્તફા તથા હજરત ઇમામ હુસન એ પાક સાહેબો આપણા અવલ અને દુયમ પીર છે એ પાક સાહેબોએ સેંકડો વખત મોમનોને મદદ આપેલી છે તથા પાપીઓને સજા કરેલી એવું ઇસલામી કીતાબોમાં મોજીઝાના લખાણમાં લખેલું છે, આવા મોજીઝાના વખતે તેઓ સાકારી સ્વરૂપમાં હતા એવું વરણુન પણ આપે છે વળી આવા મોજીઝા વખતે કોઇ કોઇવાર જાહેર રીતે એ સાહેબોની જીંદગી તથા હયાતી નહીં હતી તે પરથી સાફ પુરવાર થાય છે કે આપણા શાહ પીર (અલી નબી) નું નુર હમેશાં કાયમ છે, અને તેઓ સાકારી સ્વરૂપ ધારણ કરે છે જેઓ પોતાનાજ દેહ ઉપર વળગી રહેતા હોય તેને સમજાવવું સહેલું છે પણ એક ઠેકાણે હા પાડે અને પાછી બીજે ઠેકાણે

ફરી જઇ ના પાડે એવા ગડગડતા નારીઓલને શી રીતે સ્થિર રાખી શકાય? તેઓને સાકારી સ્વરૂપ લેતાં કોઇ અટકાવનાર નથી તેમ સાકાર સ્વરૂપ લેવાની તેઓમાં શક્તિ પણ છે. જે મઉલા આપણને હજારો અને લાખો વખત સાકારી સ્વરૂપ આપે છે તે પોતે સાકારી સ્વરૂપ કેમ ન ધારી શકે? ખુદાવંદતાલા સાકારી સ્વરૂપમાં સમાઇ શકે નહીં એવી દલીલ લાવનારને કહીશું કે આપણી માતાના ગર્ભાશયમાં આપણા શરીરનો ઘાટ ઘડવા તે જઇ શકે છે. છતાં પણ આખી સૃષ્ટીમાં સચરાચર ભરપુર રહે છે તો 'એક સાકાર શરીરમાં પોતાનું નુર રાખી સચરાચર ભરપુર શા માટે નહી શકે."

(ઝવહરે હકીકતનું પાનું ૮૧ મું.)

નુરે વહદાનીયત સાકારરૂપે પ્રકાશમાન રહ્યા માટે પંજતન પાકથી જાહેર રીતે સિધ્ધ થયું છે ઇસલામી ગ્રંથ કર્તાઓ પણ હ૦ અલીની બુઝરગી માટે ઘણું લખે છે. પણ અંતઃકરણમાં હ૦ અલી માટે જેટલો પ્યાર ધરાવે છે તેટલો જાહેરમાં એકરાર કરતા નથી.

હજરત મઉલા મુરતજા અલીના ખુદાઇ નુરની પ્રત્યક્ષ પરસ્તી કરવી. એ પણ આજના જમાનાને બજા ઉપરાંત બોજો થઇ પડયો હોય એમ જણાય છે, આટલી શાસ્ત્ર સિધ્ધ દલીલોને બી૦ ઠાબા જેવા ઘરની દલીલોને ખીસામાંથી પુરાવા કાઢી દુસરીના દ્દીલાઇ જેવા લેખે

લખવા બેસતી વખતે જાણે નુશેરી જેવા પહેલવાનનો ઇન્સાફ લખવા માટે ખુદા મી૦ કાબાનેજ મુકરર કીધો હોય એમજ પોતાનો ફાંટાબાજ વિચાર ધરાવતા જણાયા છે. પણ મી૦ કાબાના ફાંટાબાજ બમેલ ભેજામાં લાગુ પડેલા દરદની કડવી દવા આ મુનાકેબ છે.

## મુનાકેબ.

"અલ્લાહકી તરફસે હય મુશ્કીલ કુશા અલી
હઇ જુમલે કાયનાતકે હાજત રવાં અલી
રખતે હય ઇખતીયારમે બકા વ ફના અલી
હર અમરમે કુદરતે રબ્બીલ ઉલા અલી
કયું ન કહે કોમે નુસેરી ખુદા અલી"

(વ.-ઉ.)

એ મુનાકેબ મી૦ કાબાના બમેલ ભેજામાં મુકતાં કહીશું જે કોઇ વરતમાન જીવન ગુજારનાર બંદાનું ભલુ બુરૂં જીવન ચરિત્ર મી૦ કાબાએ નજરે જોયું હોય તો પણ ખોટી રીતે ઉલ્ટું લખવાથી ગુનાહ થાય છે તો પછી મઉલા મુરતજા અલીના જમાનામાં તે મઉલાની ખુદાઇ જાહેર કરનાર પાક નુસેરી અને તેની કોમ માટે પોતાની ભ્રષ્ટ કલમ ચલાવી તે જમાનાનું ખરૂં વૃતાંત ઉલટી રીતે રજુ કરી મી૦ કાબા પોતાનું જાહેલીયત ભર્યું; જીવન જગતને ખોટી બાજુ દોરવવા અસત્ય વાયુ ફેલાવનારૂં સાહિત્ય રજુ કરવામાં ગુમરાહીજ કરે છે.

હજરત મવલા મુરતજા અલી માટે મી૦ કાબાની માન્યતા કેવી હશે તે તો ખુદા માલુમ પણ ઘણા ઇસ્લામી ભાઇઓ આપણી નુસેરી રૂઢીએ ખુદાઇ નુરની થતી પરસ્તી ઘણા માનથી જુવે છે જો કે તેઓના અકીદા જુદા છે. પણ જે અલીને આપણે ખુદા કહીએ તેજ અલીને ઇસલામી ભાઇઓ બરહક ઇમામ તો કહે છેજ. તો પછી આપણે તેથી વધુ માન દઇ ખુદા કહીએ તેમાં કોઇ પણ સુન્ના ઇસલામી ભાઇ ગુસ્સે કે નારાજ થાય એ તો બનેજ નહીં હા, જાહેલ ઝનુની અભણ કોઇજ તેમ નારાજ થાય અથવા મી૦ કાબા જેવો દવેષ ધરાવનાર પોતાનો તે બહાને દવેષ જાહેર કરે એ વાત જુદીજ છે, પણ આજકાલ મી૦ કાબાની ગુમરાહી તથા જાહેલીયત જોતાં અમને તો એવું જણાય છે જે જો મી૦ કાબાને ખાત્રી કરી દેવામાં આવે કે હ૦ અલીનુંજ નુર નામદાર આગાખાનમાં પ્રકાસી રહ્યુ છે. તેને માનનારા ખરા હકીકતી છે. એ ખાત્રી થાય તો તો મી૦ કાબાને હ૦ અલી માટે પણ મોહબત રહેવી મુશ્કીલ જણાય છે. કારણ જે હસદખોરનું ઇમાન કાયમ રહી શકવાનું નથી તો મી૦ કાબાની ઇમાનદારી ખુદા માલુમ કેવા પ્રકારની છે, તે જણાતુ નથી, પણ ઢંગ ધડા વીનાનું, સડેલા પાનામાં દર્દનાક અપીલ કરનારૂં, હસદથી ભરેલું માસિક જોતાં કાબાની ઇમાનદારીમાં હસદ અગ્ર સ્થાને બીરાજયુંજ છે

કસદ સિવાંય કોઇ પણ ઉદ્દાર લખાણુ જણાતુંજ નથી. વળી એક એ કે ત્રણ નહીં પણ ચાલુ દરેક અંકો એકજ મુદ્દા ઉપર લખાઇ રહ્યાં છે તો પછી તે કસદ ખોરતું ઇમાન સાબીત રહેવું મુશ્કેલીજ છે. મી૦ કાબા ઇશ્ના અસરી તવારીખથી પુરા વાકેફગાર નહી હોય કે શું? તેઓમાં ઇશ્ના અસરી સાહિત્ય લખવાનું સામરથ નહી હોય? ના હશે પણ લખે શું બાર ઇમામોના મુશ્કરાનું વરણન કયે ઠેકાણે કબરો છે તે અને મોહરમનું રડન કુટન કરવું, ખરેખર એ ખુબી ઇશનાઅશરીઓની લખવા બેસે તો એઇ રીતે ઇસ્લામથી ઉલટી મતલબ ધરાવનારી કીયા છે. વળી દાઢી મુછ તેમજ ઉપર ઉપર પરહેજગારી નો દેખાવ કરનારી રૂઢીની ખુબીઓ જણાવવા બેસે છે તો પણ આજના આ જમાનાની અકલને અનુશરતું થતું નથી, કે ઇસલામની તવારીખમાં પ્રકાશ આપનારું પાનું ખુલું થતું નથી. ત્યારે હવે મી૦ કાબા લખે શું? બખાળા બાળાપા, છાજીયાં ઇત્યાદી. હા, મહેરબાની કરી તેનું માસિક જેણે ન જોયું હોય તે જુવો તો હમારા લખાણુની સત્યતા જાણી શકશો. મી૦ કાબા એક ઇસલામની અઇકયતા, એક દેશની અઇકયતા, એક ખુદાની, એકજ મખલુકાતની અઇકયતા એવા એવા પવિત્ર લખાણો લખવા બેસશો તો તમારા માસિકનું રંગ બદલી જશે. હા, પણ એટલું યાદ રાખજો જે એક પાનામાં સારૂં લખાણુ ને બીજા પાનામાં

એવુંજ પીંજણ ચીતરવાથી તો વધું ખરાબ લાગશે માટે પહેલાં તો હાલની તમારી પધ્ધતિને પાણીચું દીઓ. સડેલા પાનાવાળું જુલેલ હિદાયત ધોબી પાસે ધોવડાવો ને નવેસરથી લખવા બેસશો તો જરૂર તમારી દઃદનાક અપીલ એ દરદ થઇ જાશે:—અમે ઇસમાઇલીઓને તમારૂં માસિક જે તમે વગર મંગાવ્યું હડધુત થવા મોકલો છો તે લવાજમ ભરી મંગાવવામાં આવે એવું લખો પછી તો તમારા માઠા સંજોગોની બદનસીબી જેમ ઢસરડે તેમ ઢસરડાવામાં શ્રેય માની બેઠા હોતો વઅસલામ.

મઉલાના આઝાદ નુસેરીએ અલીને ખુદા કહ્યાને સીંતેર વખત નુસેરી સહીદ થઇ સજીવન થયો એ અલીની ખુદાઇ સાબિત કરનારો આબાદ દાખલો બન્યા માટે નુસેરી માટે ઇસલામી આલમ સારૂંજ બોલે છે ને સારીજ ગવાહી આપે છે પણ મી૦ કાબાને જાણી બુઝીને દુરાગ્રહજ કરવો હોય ને ખોટું સાચું પીંજણ લઇ બેસવામાંજ પોતાનું કે પોતાંની સાહિત્ય સેવાથી શ્રેય થતું માની બેઠા હોય વળી જેની લખાણ પદ્ધતી ઉલટા સુલટા લખાણોથી ઘડી ઘડી નવી યુકિતથી ગુમરાહી કરનારી હોય તેવા સેતાની સાહિત્યથી ખુદા અમો ઇસમાઇલી તેમજ ઇસલામી આલમને બચાવે.

## કુલામે શાએર.

અમીરે અરબ ખઇબર કુશા હુયે
ઝબરદસ્ત શાહુ સફદરે ખુદા હુયે
કાબા જીનુકી તવલ્લુદકી જા હુયે
જીસકી શાનમે સુરએ હલ અતા હુયે

(જ. હ. માંથી)

*  *  *

મઝ દહેમ કયુ ન હો હુર અરબો અઝમ કાબેમે
હુયે મહુમદકે બિરાદરકા જનમ કાબેમેં
પાયા ઉસ રોજસેં સરફે જીસ દીનસે
આયે હુંય શાકીએ કઉશર કે કદમ કાઅબેમેં

*  *  *  *

મુજરા ઉસે જો શાહકી મસહુર સરાફત હુયે
કાબેમેં વીલાદત હુય મસજીદમેં સાહાદત હુયે

*  *  *  *

મલકભી બોલે હુરભી બોલે ફિરસ્તે બોલે અલીઅલી
સજરભી બોલે શાખભી બોલે બરગભી બોલે
અલીઅલી

*  *  *  *

અલીકાનુર હરેક સઉમેં જલ્વાગર દેખા
અલીકી શાન નજર આઇ જીદ્દર દેખા

**જહાંમે દેખા સબ ઠીકાનેપે જુદા હીદાહી જુદા**
**અલી કો દેખા જીધરજા ઉધર ખુદાહી**

(જ.-હ.)

તે પાક નુરનો ખાકી જીસ્મમાં જલ્વાગર થાતાં કોઈ રોકી શકનાર નથી. હવે જેમ મઉલાના જમાનામાં એક નુસેરીએ જાહેર રીતે મઉલાને ખુદા કહીયા જેથી ચમત્કાર બતાવવા ખાતર તેના ઉપર સરા ઉતારી કતલ કરતા ગયાને જીવતો થતો ગયો, તો શું મી૦ કાબા કહે છે તેમ હડીલાઈથી જીવતો થાતો ગયો હડીલાઈથી જીવતા થવાતુ હશે ? એમ એતો કાબાની વાતતો કાબાજ માને અને તેના ભમેલ ભેજાવાળા સાગ્રીદો વખાણે.

એ મુજબ મઉલા મુરતજા અલીએ નુસેરીના મોઢે જાહેરમાં ખુદા કહેવરાવી સીંતેર વખત કતલ કરી પાછો સજીવન કરી એ પ્રત્યક્ષ મોઝીજા રૂપે પોતાની જુલ્ફીકાર મુબારકથી સહીદ કરેલો પોતાનો પાકબંદો દુનીયામાં જીવતો રાખ્યો અને હકીકતી દીનદારોને આ ચમત્કારિક મોઝીઝાથી ભેદ ખોલી બતાવ્યો સમજનારાએ સમજી લીધુ બાકી તો જેને ખુદા હિદાયત આપવા નથી ચાહાતો તેને હિદાયત મળવી મુશ્કેલ છે.

## કલામે શાએર.

**એક હુર એક ગુલામ એક પીસર એક ભાઇ**
**ફઉિજે ફુર્ફરસે યે ચાર મુસલમાં નીકલે**

(જ. હ.)

## ફરમાન મુબારક.

મઉલાના આગા શાહા અલી શાહા દાતારે પોતાની જબાન મુબારકથી ફરમાવ્યું છે કે "કરબલાના મેદાનમાં હજારો પંડીત આલીમ હજરત ઇમામ **હુસેનની** સામે થયા હતા તેમાં સીમર મોટો ગ્નાની પંડીત હતો. તે સીમર પાંચ વખતની નીમાજ પડતો હતો, રોજા રાખતો હતો. હંમેશાં કુરાને શરીફની તીલાવત કરતો હતો જે લશકરમાં આટલા આટલા પંડીતો હતા. તે લશકરમાં બીજા અભણ લોકોનો તો પારજ ન હતો, એટલામાંથી એ ઇમામને ફકત ચારજ જણાએ ઓળખ્યા."

(જ. હ)

મઉલાના હાજર ઇમામે સિંધ હઇદરાબાદ ખાતે તા૦ ૨-૩-૧૯૦૦ ના દીને ફરમાન કીધા છે તેમાં પણ ફરમાવ્યું છે જે:—

"નબી સાહેબના જમાનામાં કેટલાક અસાહેબો સા । હતા તેઓ નબી સાહેબ સાથે સારી મોહોબત રાખતા

હતા પણ તેજ લોકોએ નબી સાહેબના ફરજંદો સાથે દુશ્મનાઇ કરી અને મુરતજા અલી સામે જંગ કરવા ઉભા થયા, તમે સેતાનથી ઠગાસો નહીં હુશીયાર રહેજો. જે હુશીયાર માણુસો હશે તે સેતાનની જાળમાં નહિં ફસાય સેતાન છેતરી ન જાય તેની સંભાળ રાખજો તમારામાં કેટલાક માણુસો છે તેઓ દેખાવમાં ઇનસાન જેવા લાગે છે, પણ તેઓ સેતાન છે. " આપણે અગાઉનો ઇતીહાસ જોશું તો જણાય છે જે ઇમામના સાયામાં રહેનાર ઇમામની ખુદાઇ જોનારા પાક અ સાહેબોએ મુશ્કેલીજ વેઠી છે અને વાંધા ભરેલો બોલના પ્રહારો ખમ્યા છે. તે મુજબ આપણે હ૦ મઉલા અલીના જમાનાથી હાલના હાજર ઇમામના જમાના સુધીના વખત ઉપર વીચાર કરશું તો જણાય છે જે હાલમાં ના૦ બ્રિ૦ સરકારના રાજ્ય સિવાય તો બધો વખત ઇમામના પાક સાયામાં રહેનારી ઉમ્મત ઉપર મુસીબતોજ આવી છે જેમ શરૂઆતમાં હ૦ અલી હ૦ ઇમામ હુસેનના જમાનામાં પણ ઇમામના સાથી અસહાબો ઉપર કસટીજ આવી છે ને કસટી ખમ્યા વીના કસાયા વીના ઇમામના પાક સાયામાં કોઇ અડગ રહી શકયા નથી પણ શુખર છે તે ખુદાના કે આજનો જમાનો આપણા ઇમામના સાયામાં આપણુને વગર કસોટીએ રહેવા આપે છે તે માટે આપણે નામદાર બ્રી૦ ગવરનરમેન્ટના આભારી છીએ.

કસટી આવે અગર ન આવે પણ દ્રઢ વિશ્વાસ ધરાવવા માટે પહાડ જેવું મજબુત ઇમાન રાખવું જોઇએ દ્રઢ વિશ્વાસથી ઇમાન મજબુત રાખશું તો ગમે તેવા બિકટ સંજોગોની પણ પરવા રહેતી નથી તેમ કોઇથી કશું બીવાનું હોતું નથી. શ્રદ્ધા ડગવા ન પામે માટે આગલા જમાનાના ચમત્કારીક બનાવો અને ઉમ્મત ઉપર ગુજરેલો સીતમ યાદ કરી ખુદા ન કરે ને આપણે તેવા સખત સંજોગોમાં ઇમામના સાચામાં રહેતાં કસટી ખમવી પડે, જો કે કસટીથી લેસ પણ બીવાનું નથી, આશકોએ તો કસટી૦૮ માંગી છે, ને કસટીમાંજ ઇસ્કની ખુબી જોઇ છે પણ આપણે તેટલી હદ સુધી ખમનારા નથી ખુદા ન કરે ને કસટીનો વખત આવે તો મઉલા આપણી સનાખત રૂપી ઇમાનને પહાડ જેવું અડગ બનાવે.

મઉલાના હાજર ઇમામ ફરમાવે છે જે:-

" અમારા રોજનાં ફરમાન છે જે છેલુ ફરમાન થાય તે પ્રમાણે ચાલજો જ્યારે તમારૂં માથું દુઃખતું હોય અને દાકતરની દવા લેવા જાઓ તો તમોને માથાની દવા આપે છે તેથી માથાને આરામ થઇ જાય છે. બાદ છ માસ પછી તમારા પગ દુખે તે વખતે માથાની દવા પગ ઉપર લગાડો તો શું ફાયદો થાય "

વળી સાહેબ બહયત (ફાંગવા) માટે ફરમાવે છે જે- "ફાંગવાની માયના એ છે કે તમે અમારા મુરીદ થયા,

અને તમે બઇયત કરી હજરત અમીરૂલ મોમનીનના જમાનામાં પણ બઇયત કરેલા માણસો હતા. તેમાંના કેટલોક બઇયત કરીને ફરી ગયા તેઓ ઘણા ખરાબ હતા. તમે આજ કાંગવા ભરો છો અને કાલ સેતાન સાથે ચાલો છો આમ કાંગવાનો કેવો ફાયદો થાય?"

વળી બીજે ઠેકાણે સાહેબ ફરમાવે છે જે "જેઓ એ ઇલમ છે તેઓ હકીકતને છોડી આપે છે પણ હકીકતી થઇને બીજે રસ્તે કેમ ચાલે છે?"

(૧) પીર સદરદીન (૨) નાસર ખુસરૂ (૩) ઇશા (૪) શાહા સમસત બ્રીજ (૫) મૌલાના રૂમી એવી રીતના માણસો હકીકતના રસ્તા ઉપર ચાલીયા આ રસ્તો નાદાન માટે બહુ મુશ્કીલ છે હું જોઉં છું કે મારા દીનમાંથી ફરીતે કોઇ ઇશ્કના અસરો અથવા સુની થઇ જાય છે તેમાં હુ અજબ થતો નથી. કારણ કે તે પોતે બે ઇલમ છે. બે અકલ આદમ માટે હકીકતી દીન ઘણોજ મુશ્કીલ છે. બે અકલ ફરી જાય તેમાં મને તાજુબી લાગતી નથી કેમકે આ દીન ઘણો સખત છે. ઇન્શાન જે અકલનો જઇફ છે. ખરાબ છે તો હ ામની પછવાડે દોડે છે પણ જે દાના અકલવાળો હશે તે કહેશે કે આ રસ્તો સારો છે તે તેનો વિચાર કરીને ચાલશે અકલવાળો કહેશે કે મારી આરજુ આજાદીની છે હુ આજાદી પછવાડે દોડુ છું, હું દોડીશ, હું શોધીશ"

વળી સાહેબ ફરમાવે છે જે:—

"ઈન્શાઅલા તમારામાં કેટલાક હકીકતી છે તેઓને મારા ફરમાન ઘણોજ ફાયદો કરશે તેઓના દીલમાં ઘડ બેશી જશે પણ જેઓના દીલ જઇફ છે, તેમના દીલમાં થોડો અથવા વધારે શક ઉત્પન્ન થશે કારણ કે હકીકતી ઉપર તેમને થોડો ઇતબાર છે હું સઘળું સમજું છું. શરયતીઓ મારાં હકીકતી ફરમાન સાંભળે તો તેના દીલમાં અસર કરતા નથી."

એ મુજબ સાહેબનું ફરમાન જોતાં એકજ હકીકતી નેમ ધરાવવાની ખાસ જરૂરત છે. હકીકતને પોહોંચીયા સિવાય કસોટીના વખતે ઇમાન ટકવું મુશકીલ થઇ પડશે.

અજાજીલ ફીરસ્તાએ ઘણી એબાબત બંદગી કીધી પણ ના ફરમાની તો એકજ કીધી હતી તે એકજ ના ફરમાની માટે તેની તમામ મહેનત રદ ગઇ છે. ખુદાએ દાદા આદમના ખાકના પુતલામાં પોતાનું નુર મુકયું સરવે ફીરસ્તાને સિજદો કરવા ફરમાન થયું ત્યારે તે અજાજીલે ખુદાના પહેલાંના હુકમને યાદ કરી સિજદો કરવાની ના પાડી બીજા ફીરસ્તાઓને પણ ગુમરાહ કરવા માટે કહેવા લાગ્યો જે:—

"મને ખુદાએ ફરમાવ્યુ છે જે મારા સીવાય કોઇને સીજદો કરવો નહીં."

ત્યારે બીજા ફીરસ્તાઓએ જવાબ આપ્યો જે "તે

વખતે ખુદાનો એવો હુકમ હતો અને આજે ખુદાનો આ હુકમ થયો છે."

(પંદીયાત જવાંમરદી.)

એમ કહી જુમલે ફીરસ્તાએ સીજદો કીધો પણ એ અજાજીલને પોતાની બંદગી ઇબાદતની જે મગરૂરી હતી તેથીજ તેને ઘુંટડો ઉતરીઓ નહીં જેથીજ લાનત મળી. આવી રીતે આગલા પાછલા ફરમાન ઉપર વિચાર કરનાર અવિચારે શંકાને સ્થાન આપી ગુમરાહ થાય તેમાં શું નવાઇ? માટે ધારમીક દ્રઢ શ્રધા ડગાવવા માટે ગમે તેવું સેતાની વાતાવરણનું વાવાઝોડું આડું આવે, પણ ઇમાન પાહાડ જેવું મજબુત હશે, તો અડગ પહાડ જેવા થઇ ટકી રહીશું. બહુ બહુ મુશકેલી આવે તો જાન દેવો પડે તો એવા નસીબ કયાંથી હોય? જે રાહે રાસ્ત પર કામ આવીએ? જેમ વધુ ગરમી પડે તેના પ્રતાપે મેઘ વૃષ્ટિ થવાની આશા રહે છે તેમજ મઉલા તરફથી સખત હુકમ અગર એવાજ કોઇ મુશકેલી ભરેલા સંજોગો આવશે તો નક્કી તેમાંથી કંઇ નજીકમાં કારય સિધ્ધી થવાની વકી રહે છે માટે હકીકતી દીનદારોને મુશકેલી કે કસોટીની કશી દરકાર હોતીજ નથી. એક શાયરે કહ્યું છે જે:—

રાઝી હુંવે હુમ ઉસીમેં પ્યારે જીસમે તેરી રઝા હુયે,
આવલ પડે અકસીર ઇસમેં તો બડી મઝા હુય;

ના છોડ પ્યારે તુઝકો જો આવે મેરી કઝા હૈ,
દમ જાતે તક કહેંગે પ્યારે જયેસી તેરી રઝા હયે.

## પાક કુરાને શરીફની આયત.

વ મીનન નાસે મંય યસતરી નફસ હુબ તે ગાઅ મરઝા તીલ્લાહે વલ્લાહો હરૂફુન બિલ્લ ઇબાદ.

(જ. હ.)

## મતલબ.

તમારામાં કોઇ એવો છે કે ખુદાની ખુશી ખાતર ખુદાની રાહ પર પોતાનો જીવ ખુશી થઇને ફીદા કરે તેના પર કરણુહાર કીરતાર હદથી વધારે ખુશી થશે.

(જ. હ)

જેમ હાલમાં આપણો ધરમ તજી જઇ થોડો વખત થયા જુદા પડી અશનાઅશરી થયા છે, તેમાં પણ કોઇ કોઇ મી૦ કાબા જેવા શાંતિનો ભંગ કરવા સાહિત્યો દ્વારા જાહેરમાં મુનકરપણું બતાવે છે તેવું અગાઉના જમાનામાં પણ ફરી ગયેલ જેવા મુનકરો હ૦ રસુલલ્લાહ સામે થયા હતા, જેમાં એક મુનકરે હ૦ રસુલલ્લાહ સામે જે બે અદબી કીધી તેનો કુરાને શરીફની આયાત સાથેનો આ દાખલો રજુ કરીએ છીએ.

## રીવાયત.

(જ. હ. પાનું ૧૭૨ માં.)

"ઇસ્લામી ગ્રંથોમાં લખેલું છે કે એક દીવસને

સભામાં જોગે આપણા અવલ પીર પોતાના અસાહબો સાથે બેઠેલા હતા એટલામાં ઉમરબીન હારસ કહેરી પોતાની સાથે પોતાના દોસતોમાંહેથી બાર માણસોને લઇને આવ્યો અને આપણા અવલ પીર (હ૦ રસુલલ્લાહ) ની ખીજમત બા બરકતમાં આવી એ અદબી ભરેલા સુકુન ઓચરી કહેવા લાગ્યો કે, "અય મહમદ તમે અમોને નીમાજ પડવા, હજ પડવા, રમજાન મહીનામાં રોજા રાખવા તથા ઝકાત દેવા વગેરે ફરમાવ્યું તે તમારૂં કહેવાનું અમે કબુલ કીધું. એ સરવે ચીજો તમારા તરફથી હતી કે ખુદા તરફથી હતી ?" આ વાત સાંભળી આપણા અવલ પીરે વાણી ઓચરી કે "મેં જે જે તમોને ફરમાવેલું છે તે સરવે ખુદાવંદ તાલાના હુકમથીજ ફરમાવેલું છે."

ઉમરબીન હારસે કહ્યું કે "તમારા સરવે ફરમાન અમોએ કબુલ કરી લીધા પણ તમોએ અલી ઇબ્ને અબી-તાલેબ સાથે દીલોજાનથી દોસ્તી રાખવા તથા તેઓને ઇમામ તથા અમીરૂલ મોઆમેનીન તરીકે સ્વીકારવા અમોને ફરમાવ્યું તેમ જેમ મુસાને હારૂન હતો તે પ્રમાણે તમે હજરત અલીને ગણો છો વળી તમે ફરમાવ્યું છે કે કીયામતને દીવસે હજરત અલીના દોસ્તોને ઉંટોના કજાવા ઉપર બેસાડી ઘણા માન તથા ઇજત સાથે હઉજે કઉસર ઉપર મેહેમાન કરીને તેડી જવામાં આવશે જ્યાં

મોમન અમન ચેનમાં વગર ફિકરે હઉજ કઉશરનાં પાણી નીરાંતે પીયા કરશે. યા રસુલલ્લાહ તમે ખરેખરૂં કહી આપો કે આ સઘળું કોના તરફથી છે? "આ સાંભળી આપણા અવલ પીરે ફરમાવ્યું "ઉમર મેં તમોને જે જે ફરમાન કરેલાં છે તે સઘળાં ખુદાતાઆલા તરફથી છે." આપણા અવલ પીરના આ કલામ સાંભળી ઉમર ગુસ્સામાં ચાલતો થઇ ગયો અને પોતાના મનમાં કહેવા લાગ્યો કે "અએ પાક પરવરદીગાર જો નબી મહમદ મુસ્તફાની આ વાત ખરી હોય તો આકાશમાંથી મારા પર પથર ફેકીને સાબેતી આપ." રાવી લોકો રીવાયત કરે છે કે "ઉમર બીન હારસ આ દુઆમાંથી હજી ફારગ નહિ થયો હતો. એટલામાં આકાશમાંથી એક પથર તેના ઉપર પડયો અને તેના મુરાદનું સર ચુરેચુરા થઇ ગયું" આ વખતે કુરાને શરીફની આયાત ઉતરી તે નીચે પ્રમાણે છે.

## આયાતે કુરાને શરીફ.

## સઅલા સાએલુન બે અઝાબીન વાકેઆ.

## મતલબ.

સવાલ કરનારાએ આખરતના આઝાબ સારૂ સવાલ કર્યો.

આ આયત કુરાને શરીફના ઓગણત્રીસમા સીપારામાં સુરે મેઅરાજમાં છે.

અલી નબી નુરનર શાહાપીરની અખંડ જ્યોત

ખાકી જીસ્મમાં રહી જે ચમત્કારીક મઉજીઝા જેવી રમત કરે તેના ખરા રહસ્યને નહીં સમજનાર ઉમ્મત ગુમરાહ થઇ છે, ગુરને પોતા જેવા માણુસ ગણુવાથી ગુરતરફથી હીદાયત કયાંથી મળી શકે. ઉપર મુજબ નરની જયોત દેખાડનાર ગુર બાબાપ હ૦ રસુલલ્લાહ સામે ઉમર બીન હારસ કેહેરી જેવા મુન્કરપણું કરનાર હતા, તેમજ આ જમાનામાં પણ મી૦ કાબા જેવા તે પાક ઇમામની મુરીદીમાંથી ખસી જઇ દવેષભાવથી જે મુન્કરપણું સાહિત્યદ્વારા બતાવી પોતાની આખરત ખરાબ કરે છે ખુદા તેને સદબુદ્ધિ આપે અને જીંદગી દરમ્યાન પોતાની ભુલ સુધારે.

એક કવીએ કહ્યું છે જે:—

ગુર અને ગોવિંદ એકરૂપ જાણુ
રખે ભિન્ન ભાવ રૂદીયામાં આણુ
ગુર આપણુા ગોવિંદથી અધિક
જેથી પરમારથ કારણુ છે સીધ
ગુંરને આપ બરાબર જાણે
તેને જમ પુત્ર વયતરણીમાં તાણે

——:o:——

# અમર ફરમાન ઉપર ઉમ્મતની દ્રઢતા.

ધૈર્યવાન દ્રઢદાસ અલીના ધૈર્યવાન દ્રઢદાસ.

ધીરજને દરઢતાથી સેહેતા દુખ કરતા બરદાસ
અચળ અમર ફરમાને પુરા દરઢ મનવાળાદાસ
અલીના ધૈર્યવાન દ્રઢદાસ.

માલેક ઉસતર નામ સ્મરણની અમર રહી છે શાંખ
વીર કટોકટ સમે લડયો તે દાસ અલીનો ખાસ.
અલીના૦

નાદેઅલી મજહરલ અજાએબ અલી ખુદા સાક્ષાત,
નુર નિરિંજન દેહ ધરે તે વિરલા માને વાત.
અલીના૦

*નાદે અલીથી રદય રંગાયું દાસ નુશેરી ખાસ,
સીતેરવાર અલી અલી કહેતાં જીવ્યો જગ વિખ્યાત.
અલીના૦

મનસુરે તે નુર ખુદાનો જોયો એક પ્રકાસ,
એક અનલ હકક જયોત જગતમાં જોઇ ખુદાની જાત.
અલીના૦

આદ અનાદે તે અલી કર્તા-પુરૂષ ખુદાની જાત,
જલ્વાગર તે નુર જીસ્મમાં દાસ જુએ સાક્ષાત.
અલીના૦

નોકર તેરાં કહયા કરૂં નહીં તેવા થઇને દાસ,
ધર્મ સ્વિકારે દ્રઢ નિશ્ચયવિણુ દાસ નહીં તે ખાસ.
અલીના૦

અકળગતી કળવાના જેવી અકલ ચલાવે દાસ,
દાસ નહિં તે મિથ્યા મોટમ ધરી કાવે હાસ્ય.
અલીના૦

શેરે ખુદાને સત્ય કહે છે અલી ખુદાનો હાથ,
ઇસલામી સહુ વિધવિધ રીતે જુએ અલીની જાત.
અલીના૦

ફરમાને પુરા નહીં રહેતા ઇસલામીમાં ફાટ.
બઉંતેર ફીરકા અલી વીશે બહુ વિધવિધ કરતા વાત,
અલીના૦

આદમના તે ખાક જીસ્મમાં હતી ખુદાની જાત,
મુનકર થઇ ઇબ્લીશ ન માન્યો એજ મલે છે શાંખ.
અલીના૦

નુર નિરંજીન જીસ્મ ધરાવે નિશ્ચય માનો વાત,
ગુરૂ પરતાપે આજ વિશ્વમાં એજ જપાવે જાપ
અલીના૦

જીજ્ઞાસુ.

છપાય છે!    નામ નોંધાવો!    છપાય છે!

ઇ. સા. ઉ. મંડળ હસ્તકનાં પુસ્તકો.

# ખોજા દીન દર્શક

યાને

## ખોજા પંથ દરપણના આઠે ભાગનું ખંડન.

મજકુર પુસ્તકમાં અમરેલીવાળા મી૦ કાબાએ **સતપંથ** ના નામે જે જે કલ્પીત અને ખોટી દલીલો કરી ખોજાઓ અસલ ઇસના અશરી હતા એમ સાબેત કરવા જે જે અધુરા હવાલાઓ અને અધુરા આધારો લીધા છે તેની પુરતી વીગતો બારભાયા કેસ ત્થા ચુકાદો, હાજી બીબી કેસ ત્થા ચુકાદો ત્થા તેનાં ખરા મુદ્દાઓ સંપુરણ વિગત સાથે ત્થા અસલ ધારમીક પુસ્તકોની ખરી દલીલે થી માસ્તર **વલીભાઈ નાનજી**એ સરળ ભાષામાં લખીને મી૦ કાબાએ ધારણ કરેલી ખોટી વળણનું પોકળ ખોલી આપ્યું છે. અને તે સાથે **સતપંથ**ની ખરી સમજની સત્તાવાર દલીલો દરેક સત્ય જાણવા ઇચ્છનારને ત્થા **ખોજા** નામ ધરાવનારાઓને પણ મનન કરવા યોગ્ય છે. દળદાર આઠે ભાગનાં જવાબે નાં ગ્રંથની કીમંત-રૂા. ૧, રાખવામાં આવી છે, લખો.

**ધી ખોજા સિંધી છાપખાનું,**

૧૨૩, પાલખી મહોલા મુંબઇ-૯.

મંગાવો !! બહાર પડી ચુકી છે.

# ખુલ્લી ચીઠીનું ભોપાળું

યાને

## આરય સમાજી પંડીતની અવદશા.

પંડીત રાધા કૃષ્ણે નામદાર આગાખાનને ફાંટાબાજ વીચારોથી ૩૨) સવાલો પુછેલા, તેનો વિગતવાર ખુલાસા સાથેનો હકીકતી ઇસ્લામનાં હેરત પમાડનારા સ્પષ્ટ સિદ્ધાં તોથી જવાબ આપીને આગાખાની ખોજાઓના ધરમના છુપાં કિમતી તત્વોના તેજસ્વી પ્રકાશથી વિરોધીઓને આંજી નાખ્યા છે.

લગભગ ૩૦૦) પાનાનું દળદાર પુસ્તક, પાકી બાઈન્ડીંગ સાથે કીમત માત્ર આઠ આના, લખો.

ઈ. સા. ઉ. મંડળ.

પાલખી મહોલ્લા મુંબઇ—નં. ૯.

# ઇસમાઇલી ચાબુક નં. ૪.

યાને

ઇન્સાફમાં અંધેરતા.

આ પુસ્તકમાં આજ આગળ હીન્દમાં હોમરૂલ અથવા સ્વરાજ્યને નામે જે આગેવાન હીન્દીઓ મથન કરી રહ્યા છે તેમાં સામેલ રહેનારા મોસ્લેમલીગની સ્કીમમાં જોડાવા ઇચ્છા રાખનારા ઇસ્લામના જુદા જુદા ફીરકાવાળાઓ એક દીલીનો પાઠ ભણે એવા ઉચ્ચ હેતુથી આ લેખ લખવામાં આવ્યો છે અને તે હિન્દનાં મુસલમાનીઓએ તે ઉપર મનન કરવા જોગ છે ત્યારે અમરેલીવાળા મી૦ કાબા જેવાઓ ઇસ્લામીઓમાં કેવી રીતની ફીતના અને ફીતુર ધરમનાં નામે અથવા સુધારાનાં નામે કેવો બગાડો કરે છે તે બતાવી દેવાની કોશેશ આ લેખોની દ્વારા પણ જાહેર કરી છે. કીં. રૂ. ૦)=

ઇ. સા. ઉ. મંડળ,
પાલખી મહોલા મુંબઇ—૯.

છાપનાર મેનેજર વલીભાઇ નાનજી ધી ખોજા સિંધી છાપખાનું ૧૧૩, પાલખી મહોલા મુંબઇ નં. ૯.

પ્રગટ કરનાર,

મી૦ એ. જે. ચુનારા,

૯૦ ભડક જમાતખાના સામે શેઠ [illegible]

[illegible]ના માળામાં મુંબઇ—૯.